# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર

## HSC પૂરક પરીક્ષા -૨૦૨૦ કાર્યક્રમ

### (સામાન્ય પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહ)

( માર્ચ-૨૦૨૦ માં ફક્ત એક / બે વિષયમાં N.I. (અનઉત્તિર્ણ) થયેલ ઉમેદવારો માટે જ )

| તારીખ/વાર | સમય ૧૦.૩૦ થી ૦૧.૪૫ | સમય ૦૩.૦૦ થી ૦૬.૧૫ |
|---|---|---|
| ૨૮/૦૯/૨૦૨૦<br>સોમવાર | ભૂગોળ (૧૪૮) | ગુજરાતી (૦૦૮)<br>અંગ્રેજી (૦૧૩) |
| ૨૯/૦૯/૨૦૨૦<br>મંગળવાર | સંસ્કૃત (૧૨૯)<br>ફારસી (૧૩૦)<br>અરબી (૧૩૧) | ઇતિહાસ (૦૨૯)<br>આંકડાશાસ્ત્ર (૧૩૫) |
| ૩૦/૦૯/૨૦૨૦<br>બુધવાર | હિન્દી (૦૦૯)<br>ઉધોગ સાહસિકતા (૧૫૬)<br>અર્થશાસ્ત્ર અને વાણિજ્ય સંચાલન (૧૭૮)<br>એકાઉન્ટન્સી એન્ડ ઓડિટીંગ પેપર-૧ (૨૦૩)<br>મોટર રિવાઇન્ડિંગ પ્રેક્ટિસ (૩૦૫)<br>કમ્પુટર એપ્લિકેશન (૩૨૭) | નામાના મૂળતત્વો (૧૫૪) |
| ૦૧/૧૦/૨૦૨૦<br>ગુરૂવાર | રાજ્યશાસ્ત્ર (૦૨૩)<br>સામાજિક વિજ્ઞાન (૦૫૮)<br>કૃષિ (૦૬૦)<br>ચિત્ર (૧૩૭ અને ૧૩૮)<br>સંગીત (૧૪૬)<br>સેક્રેટરીયલ પ્રિકટિસ અને<br>વાણિજ્ય વ્યવહાર (૩૩૭)<br>વનવિધા (૩૫૧) | તત્વજ્ઞાન (૧૩૬)<br>પત્રવ્યવહાર અને મુસદ્દા લેખન (૧૮૩)<br>અંગ્રેજી/ગુજરાતી લઘુલિપિ (૧૮૯)<br>પદાર્થ વિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર (૨૫૪)<br>મોટર કન્ટ્રોલ એન્ડ ટેસ્ટિંગ (૩૦૭)<br>પ્રોગ્રામિંગ લેંગ્વેજ (૩૨૯) |
| ૦૩/૧૦/૨૦૨૦<br>શનિવાર | સમાજશાસ્ત્ર (૧૩૯) | કમ્પ્યુટર (૩૩૧) |
| ૦૫/૧૦/૨૦૨૦<br>સોમવાર | વાણિજ્ય વ્યવસ્થા (૦૪૬) | મનોવિજ્ઞાન (૧૪૧) |
| ૦૬/૧૦/૨૦૨૦<br>મંગળવાર | ગુજરાતી (૦૦૧)<br>હિન્દી (૦૦૨)<br>ઉર્દુ (૦૦૪)<br>અંગ્રેજી (૦૦૬) | અર્થશાસ્ત્ર (૦૨૨) |

(ડૉ.અવનીબા મોરી)

નાયબ નિયામક (પરીક્ષા)

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

ગાંધીનગર

## -: સામાન્ય પ્રવાહના પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ :-

1. પૂરક પરીક્ષા -૨૦૨૦ની હોલ ટીકીટ માટે બોર્ડની વેબસાઇટ **www.gseb.org** પર અગાઉથી સૂચના આપવામાં આવશે તે મુજબ **ON LINE Download** કરી શકાશે.
2. પરીક્ષાર્થીઓએ પોતે જે માધ્યમમાં ઉત્તરો લખવાનાં છે તે ભાષાના કોડ નંબર તેમજ લીધેલાં વિષયોનાં કોડ નંબર તથા તે વિષયોની પરીક્ષાની તારીખ, વાર, સમય બાબતે પોતાની શાળામાંથી સંપૂર્ણ માર્ગદર્શન મેળવી લેવું.
3. પરીક્ષાના દિવસે પરીક્ષાર્થીઓએ પરીક્ષા શરૂ થવાના ૪૫ મિનિટ અગાઉ પરીક્ષા સ્થળે અચૂક પહોંચી જવું.
4. પ્રશ્નપત્રને લગતું કોઈપણ સાહિત્ય, પુસ્તક, ગાઈડ, ચાર્ટ, મોબાઈલ ફોન તેમજ ડિઝીટલ ઘડીયાળ જેવાં ઈલેક્ટ્રોનિક સાધનો વગેરે પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઈ જવાની મનાઈ છે. પરંતુ સાદું કેલક્યુલેટર સાથે લઈ જવાની છૂટ રહેશે. તેમ છતાં પરીક્ષાર્થી પાસે પરીક્ષા શરૂ થયા બાદ નિરીક્ષણ દરમિયાન કોઈપણ સાહિત્ય મળશે, તો તેમની સામે ગેરરીતિનો કેસ નોંધવામાં આવશે અને શિક્ષાને પાત્ર જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. પરીક્ષા ખંડમાં પ્રવેશિકા સિવાય કોઈપણ પ્રકારનું હાથે લખેલું કે છાપેલું સાહિત્ય પરીક્ષાર્થી પાસેથી મળશે તો ગેરરીતિનો કિસ્સો નોંધવા માટે પુરાવા માનવામાં આવશે. તેની ખાસ નોંધ લેવી.
5. તમામ પ્રવાહોના કમ્પ્યુટર પરિચય(૩૩૨) અને સંગીત પ્રાયોગિક (૧૪૭) વિષયોની પ્રાયોગિક પરીક્ષા સંબંધિત શાળા દ્વારા લેવામાં આવશે. શાળાઓએ તેની જાણ વિદ્યાર્થીને કરવાની રહેશે. જેના ગુણ આ સાથે બોર્ડને તા.૨૮/૦૯/૨૦૨૦ સુધીમાં રૂબરમાં મોકલવાના રહેશે.
6. વ્યવસાયલક્ષી પ્રવાહના કૃષિ, કોમર્સ, ગૃહવિજ્ઞાન અને તાંત્રિક જૂથના પ્રાયોગિક પરીક્ષાના વિષયોની પ્રાયોગિક તથા ઉત્તર બુનિયાદી પ્રવાહના પ્રાયોગિક પરીક્ષાના વિષયોની પરીક્ષા સંબંધિત શાળાઓ દ્વારા લેવામાં આવશે. આવી શાળાઓ પોતાની શાળાના પરીક્ષાર્થીઓને પ્રાયોગિક પરીક્ષા અંગે પૂરતા સમય અગાઉ કાર્યક્રમની જાણ કરવાની રહેશે.
7. સિંધી ભાષાના પ્રશ્નપત્ર (૦૦૫) વિષય કોડના પ્રશ્નપત્રના ઉત્તરો સિંધી દેવનાગરી અથવા સિંધી અરેબિક લીપીમાં લખી શકાશે.
8. COVID-19 ની પરિસ્થિતિ ધ્યાને લઇને પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવેલ છે. તમામ વિદ્યાર્થીઓએ સરકારશ્રીની સૂચના મુજબ શાળા પરીસરમાં પ્રવેશતી વખતે સોશિયલ ડીસ્ટન્સિંગ જાળવવાનું રહેશે અને માસ્ક પહેરવો ફરજીયાત છે. વિદ્યાર્થી પીવાના પાણીની બોટલ ઘરેથી લઇને આવે તે ઇચ્છનીય છે. તેમજ શાળા પરીસરમાં માત્ર વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવામાં આવશે. વાલીઓ કે અન્ય બિન અધિકૃત વ્યક્તિઓને શાળા પરીસરમાં પ્રવેશ આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.

(ડૉ.અવનીબા મોરી)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર